# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 23-09-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

**આકાશવાણી સમાચાર મિતલ પટેલ વાંચે છે.**

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ન્યૂયોર્કમાં 19મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા પ્રસંગે વિવિધ દેશોના નેતાઓ સાથે દ્વીપક્ષીય બેઠકો કરી
- આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો.
- ડુંગળીના ભાવ નીચા લાવવા સરકારે બફર સ્ટોક બજારમાં મૂકવાની જાહેરાત કરી
- ઇઝરાયેલે લેબનોનમાં કરેલા હુમલામાં 100થી વધુ લોકોના મોત, અને 400થી વધુ ગંભીર રીતે ઘવાયા
- કૉમેડી ડ્રામા ફિલ્મ લાપતા લેડીઝની ઓસ્કાર અવોર્ડ 2025 માટેની શ્રેષ્ઠ વિદેશી ફિલ્મ શ્રેણીમાં પસંદગી

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**PM UN BILATRAL**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકા પ્રવાસના બીજા દિવસે ન્યૂયોર્કમાં 19મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા પ્રસંગે નેપાળના પ્રધાનમંત્રી, કુવૈતના પ્રિન્સ અને પેલેસ્ટાઇનના રાષ્ટ્રપતિ સાથે જુદી જુદી બેઠકો કરી હતી.

શ્રી મોદીએ નેપાળના પ્રધાનમંત્રી પી. કે. શર્મા ઓલી સાથે બેઠકમાં ભારત અને નેપાળ વચ્ચે દ્વીપક્ષીય સંબંધોની સમીક્ષા કરી. બંને નેતાઓએ વિકાસ ભાગીદારી અને જળવિદ્યુત ક્ષેત્રે સહકાર સહિત વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ કુવૈતના યુવરાજ શેખ સબા ખાલિદ અલ-હમદ અલ સબા સાથે મુલાકાત કરી. કુવૈતના પ્રિન્સ સાથેની આ તેમની પ્રથમ બેઠક હતી. શ્રી મોદીએ જણાવ્યું કે ભારત કુવૈત સાથે પોતાના દ્વીપક્ષીય સંબંધોને ખૂબ જ મહત્વ આપે છે. બંને દેશોના નેતાઓએ ઊર્જા, ખાદ્ય સુરક્ષાની જરૂરિયાતોમાં એક બીજાના સમર્થન પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

શ્રી મોદીએ પેલેસ્ટાઇનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસ સાથેની વાતચીતમાં ગાઝામાં માનવીય સંકટ અને વણસી રહેલી સુરક્ષાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

## PICHAI ON MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાની ટેક કંપનીઓના સીઇઓ સાથે ગોળમેજી બેઠક કરી હતી. બેઠક બાદ ગૂગલના મુખ્ય કાર્યકારી અધિકારી – સીઈઓ સુંદર પીચાઈએ કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ધ્યાન ભારતમાં પરિવર્તન લાવવા પર કેન્દ્રીત છે. તેમણે કહ્યું કે આ પ્રધાનમંત્રી મોદીનું ડિજીટલ ઇન્ડિયા વિઝન છે. શ્રી પીચાઈએ ઉમેર્યું કે શ્રી મોદીએ કંપનીઓ માટે ભારત નિર્માણ અને ભારતમાં ડિઝાઇનિંગ ચાલુ રાખવા પ્રેરિત કર્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે ગૂગલને એ વાત પર ગર્વ છે કે ગુગલના પિક્સલ ફોન ભારતમાં નિર્માણ થાય છે.

## ATISHI CM

આમ આદમી પાર્ટિના નેતા આતિશીએ આજે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે કાર્યભાળ સંભાળ્યો. દિલ્હીના ઉપરાજ્યપાલ વી કે સક્સેનાએ ગયા અઠવાડિયે આતિશી અને તેમના મંત્રીમંડળને પદના શપથ અપાવ્યા હતા. આતિશી કાલકાજી વિધાનસભા બેઠકથી ધારાસભ્ય છે. તેઓ ભાજપના સુષ્મા સ્વરાજ અને કોંગ્રેસના શિલા દિક્ષિત બાદ દિલ્હીના ત્રીજા મહિલા મુખ્યમંત્રી છે.

## ONION PRICE

જથ્થાબંધ બજારમાં ડુંગળીના ભાવ ઓછા થાય એ માટે સરકાર બજારમાં ડૂંગળીનો મોટો જથ્થો લાવી રહી છે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા ઉપભોક્તા બાબતોના સચિવ નિધિ ખરેએ જણાવ્યું કે, બફર સ્ટોકમાં ડૂંગળીનું પૂરતો પૂરવઠો છે અને ખરીફ ઋતુમાં ડૂંગળીનું વાવેતર પણ સારું થયું છે. તેમણે ટૂંક સમયમાં ડૂંગળીના ભાવ ઘટે તેવી આશા વ્યક્ત કરી. તેમણે ઉમેર્યું કે સરકાર છૂટક બજારમાં 35 રૂપિયા કિલોના રાહતના દરે ડૂંગળી ઉપલબ્ધ કરાવશે, અને આ અઠવાડિયાથી રાજ્યોમાં રાહત દરે ડૂંગણીનું વેચાણ શરૂ થઈ જશે.

## CBI KOLKATA

કેન્દ્રીય તપાસ સંસ્થા – CBI એ આર. જી. કર મેડિકલ હૉસ્પિટલમાં હત્યા અને દુષ્કર્મ મામલે પાનીહાટી, ઉત્તર ચૌવીસ પરગણાથી તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય નિર્મલ ઘોષની પૂછપરછ શરૂ કરી છે. નિર્મલ ઘોષને આજે સીબીઆઈ ઑફિસે સમન્સ કર્યા હતા.

## JAMMU KASHMIR

જમ્મૂ કાશ્મીરમાં 25 સપ્ટેમ્બરે બીજા તબક્કાનું મતદાન થશે. આ તબક્કામાં 25 લાખ, 78 હજારથી વધુ મતદાતાઓ 239 ઉમેદવારોના ભાવીનો ફેંસલો કરશે. અમારા જમ્મૂના સંવાદદાતા જણાવે છે કે આ તબક્કામાં જમ્મૂ કાશ્મીરના છ

જિલ્લાની 26 વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. જેમાં કાશ્મીરની 15 વિધાનસભા જ્યારે જમ્મૂ વિસ્તારની 11 વિધાનસભા બેઠકો સામેલ છે.

25 લાખ, 78 હજાર, 99 મતદારોમાં 13 લાખ, 12 હજાર, સાતસો 30 પુરુષ મતદાતાઓ , જયારે 12 લાખ, 65 હજાર, ત્રણસોથી વધુ મહિલા મતદાતાઓ, 53 ટ્રાન્સ જેન્ડર મતદાતાઓ સામેલ છે. જેમાંથી 21 હજાર, ત્રણસો 59 મતદારો પહેલીવાર મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણી પંચે આ તબક્કામાં ત્રણ હજાર, પાચસો બે મતદાન કેન્દ્રો ઉભા કર્યા છે. દરેક કેન્દ્ર પર વેબકાસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## MODI 3.0- WOMEN LED DEVELOPMENT- 100 DAYS-1

મોદી સરકાર તેના ત્રીજા કાર્યકાળના 100 દિવસ પૂર્ણ કર્યા છે. દરમિયાન સરકારે વિવિધ યોજનાઓ અને પ્રયાસો દ્વારા મહિલાઓ ખાસ કરીને ગ્રામીણ અને આર્થિક રીતે વંચિત મહિલાઓને સશક્તિકરણ કરવાના હેતુથી શ્રેણીબદ્ધ યોજનાઓ સાથે વિકાસ માટે મજબૂત પાયો નાખ્યો છે.

સરકારે મહિલાઓને સશક્ત કરવા અને રાષ્ટ્રીય વિકાસ માટેની તેમની ક્ષમતાનો ઉપયોગ કરવા માટે પરિવર્તનકારી યોજનાઓ અમલમાં મૂકી છે. દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ 90 લાખથી વધુ સ્વસહાય જૂથોમાં લગભગ 10 કરોડ મહિલાઓને એકત્ર કરવામાં આવી છે.

લગભગ 11 લાખ નવી લખપતિ દીદીઓએ પ્રધાનમંત્રી પાસેથી પ્રમાણપત્રો મેળવ્યા. આ વર્ષના બજેટમાં નારી શક્તિને લાભ આપતી યોજનાઓ માટે ત્રણ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. મહિલાઓ માટે ઘરની માલિકી અને સન્માન સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 3 કરોડ વધારાના મકાનોનું નિર્માણ કરવામાં આવશે.

સરકારે 4 લાખ 30 હજાર સ્વસહાય જૂથો માટે 2500 કરોડ રૂપિયાનું રિવોલ્વિંગ ફંડ પણ બહાર પાડ્યું, જેનાથી 48 લાખ મહિલાઓને ફાયદો થયો. નારી શક્તિની ઉજવણી કરતા, 2.35 લાખ સ્વસહાય જૂથોના 26 લાખ સભ્યોને ટેકો આપવા માટે પાંચ હજાર કરોડ રૂપિયાની બેંક લોન બહાર પાડવામાં આવી હતી.

મહિલા ઉદ્યોગસાહસિકોના સશક્તિકરણ માટે મુદ્રા લોન મર્યાદા 10 લાખથી વધારીને 20 લાખ રૂપિયા કરવામાં આવી છે.

## LEBANON

ઇઝરાયેલે આજે સવારે લેબનોનમાં કરેલા હુમલામાં ઓછામાં ઓછા 100થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે 400થી વધુ લોકો ગંભીર રીતે ઘવાયા છે.

તો હિજબુલ્લાએ એક નિવેદનમાં કહ્યું છે કે તેણે ઇઝરાયેલના ઉત્તર ભાગમાં અસંખ્ય રૉકેટ છોડ્યા છે. વધુમાં આ નિવેદનમાં કહેવાયું છે કે દક્ષિણ લેબનોનમાં ઇઝરાયેલે કરેલા હવાઈ હુમલાના જવાબમાં તેમણે ઇઝરાયેલની સૈન્ય છાવણીઓ અને અનાજના ગોડાઉનોને નિશાન બનાવીને હુમલા કર્યા છે. ઇઝરાયેલના સુરક્ષા દળોએ કહ્યું છે કે લેબનાનથી અંદાજે 35 રૉકેટ છોડવામાં આવ્યા હતા, જેમાંથી કેટલાક તોડી પડાયા છે.

## LL OSCAR

ફિલ્મ નિર્માતા કિરણ રાવની કૉમેડી ડ્રામા ફિલ્મ લાપતા લેડીઝને શ્રેષ્ઠ વિદેશી ફિલ્મની શ્રેણીમાં ઑસ્કાર અવોર્ડ 2025 માટે પંસદ કરવામાં આવી છે.

ભારતીય ફિલ્મ મહાસંઘે પુષ્ટિ કરી છે કે અસમિયા નિર્દેશક જાહ્નૂ બરુઆના નેતૃત્વમાં 13 સભ્યોની સમિતિએ આમિર ખાન અને કિરણ રાવ દ્વારા નિર્મિત ફિલ્મની પસંદગી પર એક મતથી નિર્ણય લીધો હતો.

## JHARKHAND-JP NADDA

ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ ઝારખંડ મુક્તિ મોર્ચા – રાષ્ટ્રીય જનતા દળ તેમજ કૉંગ્રેસ ગઠબંધન પર ઝારખંડના આદિવાસી સમુદાય સાથે વિશ્વાસઘાત કરવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે ભાજપ જ આદિવાસીઓ અને ઝારખંડના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે.

હાલમાં જ આદિવાસી નેતા ચંપાઈ સોરેનને JMM છોડવાની ફરજ પડી હતી. ખુંટી ખાતે પરિવર્તન રેલીને સંબોધતા શ્રી નડ્ડાએ આ મુદ્દો ઉઠાવતા કહ્યું કે રાજ્યમાં આદિવાસીઓની વસ્તી 44 ટકાથી ઘટીને 28 ટકા થઈ ગઈ છે. વધુમાં તેમણે દાવો કર્યો કે રોહિંગ્યા સહિતના ઘૂસણખોરો જમીન આંચકી કરી રહ્યા છે અને આદિવાસીઓ સાથે લગ્ન કરી રહ્યા છે, JMM તેમને મત માટે સમર્થન આપી રહ્યું છે.

## MAHA-BUS ACCIDENT

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં બસ અકસ્માતને પગલે 4 મુસાફરોના મોત થયા છે. જ્યારે 25થી વધુને ગંભીર રીતે ઈજા થવા પામી છે. એક ખાનગી બસ અમરાવતીથી ધરની જઈ રહી હતી, દરમિયાન ડ્રાઇવરે બસનો કાબુ ગમાવતા બસ નદીના તટમાં ખાબકી હતી. ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

## IMD WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન તટિય અને ઉત્તરી કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગોવામાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ચાર દિવસ દરમિયાન મધ્ય, પૂર્વ અને પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદની શક્યતા છે.

આવતીકાલે કેરળ, ગુજરાત, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, તટિય આઁધ્ર પ્રદેશ, રાયલસીમા, તેલંગાણા, દક્ષિણ કર્ણાટકમાં ભારે વરસાદની સંભાવના છે.